# ઈશરત કેસ : પાંડે ફરીવાર અંડરગ્રાઉન્ડ થઈ ગયા છે

## પ્રોટોકોલ મુજબ ફાળવવામાં આવેલા પોલીસ કમાન્ડોએ કંટ્રોલ રૂમને અને શહેર પોલીસ હેડક્વાટર્સને જાણ કરી

અમદાવાદ, તા.૧૧ ઈશરત જહાં બનાવટી એન્કાઉન્ટર કેસમાં વરીષ્ઠ આઈપીએસ ઓફીસર પીપી પાંડે માટે રાજ્ય પોલીસે લુકઆઉટ નોટિસ જારી કરેલી છે ત્યારે પી પી પાંડેને ફાળવવામાં આવેલા પોલીસ કમાન્ડોને એવી ચોંકાવનારી માહિતી આપી છે કે, ટોચના અધિકારી લાપતા છે. સીટી પોલીસ હેડક્વાટર્સ અને કંટ્રોલ રૂમને પોલીસ કમાન્ડોને જાણ કરી છે કે, પાંડે લાપતા છે. શુક્રવારના દિવસે જ પાંડેને શોધી કાઢવાના હેતુસર જિલ્લા પોલીસ અને રાજ્યના વિમાની મથકોને એલર્ટ કરી દેવામાં આવ્યા હતા. શહેર પોલીસ હેડક્વાટર્સ ખાતે અધિકારીઓએ કહ્યું છે કે, ૧લી ઓગસ્ટના દિવસે કોર્ટ સમક્ષ પાંડે ઉપસ્થિત થયા બાદ તેમને પ્રોટોકોલ મુજબ એક કમાન્ડોની ફાળવણી કરવામાં આવી હતી. આ કમાન્ડો ૧લી થી ૬ઠ્ઠી ઓગસ્ટ સુધી પાંડેની સાથે હતા. એક અગ્રણી અંગ્રેજી અખબારે આ અંગેના અહેવાલ આપતા ભારે ચર્ચા આ વિષયને લઈને રહી છે. પોલીસ કંટ્રોલ રૂમને આપવામાં આવેલા કમાન્ડોના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, તેઓ ૬ઠ્ઠી ઓગસ્ટના દિવસે સુનાવણીવેળા કોર્ટમાં પાંડેની સાથે હતા. મોડેથી પાંડેએ તેમને અન્ય વાહનમાં જતા રહેવા અને હોસ્પિટલ પહોંચવા માટે કહ્યું હતું. જ્યાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા.

એમ્બ્યુલન્સમાં જગ્યા ન હોવાથી આ સુચના અપાઈ હતી. પરંતુ જ્યારે તેઓ શાહિબાગમાં હોસ્પિટલ પહોંચ્યા ત્યારે પાંડે ત્યાં ન હતા. તેઓએ તેમના આવાસ ઉપર પણ શોધખોળ કરી હતી. જ્યાં તેમને જણાવાયું હતું કે, પાંડે પરત ફર્યા નથી. ત્યારપછી કમાન્ડોએ કંટ્રોલ રૂમને આ જાણ કરી હતી. પાંડે સામે સમગ્ર મામલામાં સકંજો મજબુત કરવામાં આવ્યો છે. બીજી વખત એવો બનાવ બન્યો છે જ્યારે પાંડે અંડરગ્રાઉન્ડ થયા છે. અગાઉ ફેબ્રુઆરીમાં પણ તેઓ અંડરગ્રાઉન્ડ થયા હતા અને પાંચ મહિના સુધી દેખાયા નહતા. અંતે તેઓ ૨૯મી જુલાઈના દિવસે શહેરમાં દેખાયા હતા અને સીબીઆઈ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયા હતા.



ડીસાની પીપાજીનગર સોસાયટીમાં આવેલ પ્લોટ નંબર ૧૩ રેવન્યુ સર્વે નંબર ૧૦૪ સીટી સર્વેમાં હાલની તાજા સ્થિતિએ હિતેશભાઈ હરેશભાઈ જોષી અને તેમના પરિવારજનોના નામે છે. આ જમીન વિવાદ વર્ષ ૧૯૮૯થી શરુ થયો હતો. જેમાં આ પ્લોટ હરીશભાઈ રામજીભાઈ જોષીએ એક અન્ય પાર્ટી પાસેથી વેચાણ દસ્તાવેજે લીધો હતો જો કે હરીશભાઈ જોષીને પ્લોટ વેચનાર ઈસમે બાજુમાં જ રહેતા એડવોકેટ ગંગારામભાઈ પોપટને પણ એક બાના ખતે આ પ્લોટ વેચાણ લખી આપ્યો હતો અને તે બાદ આ પ્લોટના માલીકી હક બાબતે ડીસાની સીવીલ કોર્ટમાં બંને પક્ષોએ પોતાના દાવા પ્રતિદાવા દાખલ કરી પ્લોટના માલિક અને કબ્જેદારો તેઓ હોવાનું જણાવ્યું હતું. જો કે નીચલી કોર્ટમાં હરીશભાઈ જોષી પરિવારનો દાવો જે તે વખતના એડીશનલ સિવિલ જજ કે.જે. દરજીએ અંશતઃ મંજુર રાખ્યો હતો અને પ્રતિવાદી કે અન્યોને વાદી એવા હરીશભાઈ જોષી પરિવારના કબ્જા ભોગવટાવાળા આ પ્લોટમાં પ્રવેશ કરવાની મનાઈ ફરમાવી હતી. કોર્ટે એવું પણ ઠરાવ્યું હતું કે વાદી એવા હરીશભાઈ જોષીને આ પ્લોટને ઉપયોગ કે ઉપભોગ કરતાં અટકાવવા નહીં જો કે આ હુકમથી નારાજ થઈ પ્રતિવાદી એવા સામાવાળાઓ ઉપલી કોર્ટમાં અપીલ કરેલ છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## હૈદરાબાદમાં સરદાર વલ્લભભાઈ પટેલની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કરતાં મુખ્યમંત્રી

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે મોડી સાંજે હૈદરાબાદમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પૂર્ણ કદની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે ભાજપના રાષ્ટ્રીય અગ્રણી શ્રી વૈકેંયા નાયડુ તથા આંધ્રપ્રદેશ ભાજપા પ્રમુખ કિશન રેડ્ડી સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

કેશવ મેમોરિયલ એજયુકેશન સોસાયટીના વિદ્યાર્થીઓ સાથે મુખ્યમંત્રીશ્રીએ રસપ્રદ વાર્તાલાપ કરતા જણાવ્યું કે જો સરદાર પટેલ દેશના પ્રધાનમંત્રી થયા હોત તો આજે દેશ જે સંકટો સામે ઝઝુમી રહ્યો છે તે સ્થિતિ જ પેદા થઈ ન હોત મુખ્યમંત્રીશ્રીએ આ યુવા વિદ્યાર્થીઓને નર્મદા ડેમ પર નિર્માણ થઈ રહેલા સરદાર પટેલ સ્ટેચ્યુ ઓફ યુનિટિની પણ ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ સરદાર પટેલ મેમોરિયલમાં બાળકો સાથે સરદાર સાહેબના જીવનના પ્રેરક પ્રસંગો વિષે પણ રસપ્રદ ચર્ચા કરી હતી.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અધ્યાપક મંડળ સંચાલિત એમ.સી. દેસાઈ આર્ટસ કોલેજના ડૉ. કાન્તીભાઈ પ્રજાપતિ લિખિત માર્કેન્ડ પુરાણ, ઉદ્‌ઘોષક, વિશ્વ કે પ્રસિદ્ધ દર્શનિક ભાગ-૧/૨ અને સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસના પાંચ પુસ્તકોનો વિમોચન કાર્યક્રમ પ્રાધ્યાપક કે.એન. શાસ્ત્રીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# શામળાજી ચેકપોસ્ટ પાસેથી લાખોનો દારૂનો જથ્થો કબજે

## રાજસ્તાનથી દારૂની ટ્રક આવતી હોવાની બાતમી મળ્યા બાદ વોચ ગોઠવી દેવામાં આવી હતી : એકની અટકાયત

શામળાજી, તા.૧૧ ગાંધીના ગુજરાતમાં દારૂ પર સ્પષ્ટ પ્રતિબંધ હોવા છતાં અવાર નવાર અન્ય રાજ્યોમાંથી દારૂની ઘુષણખોરી થતી રહે છે ત્યારે ગત રાત્રીએ શામળાજી પોલીસને રાજસ્થાનથી દારૂ ભરેલી ટ્રક આવતી હોવાની બાતમી મળતા સઘન વોચ ગોઠવી દેવામાં આવી હતી. બાતમીના આધારે ગત રાત્રીના ૯ વાગ્યાની આસપાસ વિદેશી દારૂ ભરેલી ટ્રકને શામળાજી ચેક પોસ્ટ નજીકથી ઝડપી પાડવામાં આવી હતી. જેમાંથી વિદેશી દારૂના જથ્થા સહિત કુલ મુદ્દામાલ રૂા. ૩૭ લાખ કબજે કરાયો હતો. ટ્રકમાં ડ્રાઈવરને ઝડપી પડાયો હતો જ્યારે અંધારાના કારણે અન્ય એક શખ્સ રફુચક્કર થઈ ગયો હતો. મળતી વિગત અનુસાર રાજસ્થાનથી વિદેશી દારૂ ભરેલી એક ટ્રક રાજ્યમાં આવી રહી હોવાની બાતમી શામળાજી પોલીસ સ્ટેશનને મળતા જ તેમણે વિસ્તારમાં સઘન વોચ ગોઠવીને તપાસ શરૂ કરી દીધી હતી.

પેટ્રોલિંગમાં ઉબેલી પોલીસે પુરઝડપે આવતી એક ટ્રકને ઉભી રાખવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ટ્રચાલકે ટ્રક ઉભી ના રાખતા ટ્રકને પુરપાટ દોડાવી હતી. શંકાના આધારે પોલીસે ટ્રકને થોડી જ મિનિટોમાં ઝડપી પાડી હતી. પરંતુ અંધારાનો લાભ લઈ ટ્રક માંથી એક શખ્સ ભાગી ગયો હતો જ્યારે ટ્રચાલક હીરાલાલ ઉદયલાલ ડાંગીની પુછપરછ કરાય હતી. સાથે જ ટ્રકની તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ ભરેલી ૬૦૩ પેટી મળી આવી હતી. જેમાં સિગ્નેચર, વેટ-૬૯, બ્લેન્ડર્સ, રોયલ સ્ટેંગ જેવી બ્રાન્ડનો દારૂ મળી આવ્યો હતો. તપાસમાં દારૂ રાજસ્થાનથી આવતી રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

# રાજયમાં છેલ્લા છ માસમાં મહિલા અત્યાચારોમાં ૩૯ ટકા વધારો : રાજપૂત

ગાંધીનગર, તા.૧૧ ભાજપ સરકારે સત્તામાં આવવા માટે સલામત ગુજરાત અને ભયમુકત ગુજરાતની વાતો કરી હતી. તમે એક દિવસ જાગો અને હું ૩૬૫ દિવસ જાગીશ તેવા સૂત્ર સાથે પ્રજા પાસે મતોની માંગણી કરી હતી. આજે ગુજરાત ભય અને અસલામતીના ઓથા હેઠળ જીવી રહ્યું છે. બિહારનું બીજું સ્વરૂપ ધારણ કરી રહેલ છે. મહિલાઓ અને બાળકીઓ અસલામતી સાથે જીવી રહેલ છે. આમ ભાજપ શાસનમાં રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કોંગ્રેસ શાસન કરતાં વણસી છે કારણ કે મહિલાઓ પરના અત્યાચારોના પ્રમાણમાં ૩૯ ટકાનો વધારો પ્રથમ પાંચ માસમાં નોંધાયેલ છે.

વધુમાંશ્રી રાજપૂતે જણાવ્યું હતું કે આજે બિહાર, હરિયાણા, ગોવા, મધ્યપ્રદેશ, ઓરીસ્સા, આંધ્રપ્રદેશ અને પૂરા ભારત કરતાં ગુનાઓમાં ગુજરાત આગળ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૨માં મહિલાઓ પરના કુલ ગુનાઓ ૮૯૦૪ નોંધાયા હતા એટલે કે રોજના ૨૪ ગુનાઓ બનતા હતા. ૨૦૧૨માં મે મહિના સુધીમાં કુલ ૩૪૯૯ ગુનાઓ નોંધાયા હતા જે વધીને ૨૦૧૩માં ૪૮૪૯ થવા પામ્યા છે. એટલે કે ગુજરાતમાં એક દિવસમાં મહિલાઓ પર ૩૩ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. આમ એકંદરે મહિલાઓ પર નોંધાયેલ ગુનાઓનું પ્રમાણ ગયા વરસની સરખામણીએ ૨૦૧૩માં જાન્યુઆરી થી મે માસ સુધીમાં ૧૩૫૦ ગુનાઓમાં વધારો થયો છે. એટલે કે પ્રતિદિન ૯ ગુનાઓમાં વધારો થયો છે અને એકંદરે ગયા વરસની સરખામણીએ મહિલાઓ પરના ગુનાઓમાં ૩૮.૫૮ ટકાનો ૫ માસમાં વધારો થયો છે.

વધુમાં શ્રી રાજપૂતે જણાવ્યું છે કે, ગુજરાતમાં જિલ્લા પ્રમાણે વિશ્લેષણ પ્રમાણે ૨૦૧૨ના પ્રથમ પાંચ માસની સરખામણીએ ૨૦૧૩માં અમદાવાદ શહેરમાં બળાત્કારના કેસમાં સુરતમાં ૬, અમદાવાદમાં ૧૦, ગાંધીનગરમાં ૫, રાજકોટમાં ૬, જુનાગઢમા ૧૨, બરોડામાં ૮ કેસોમાં વધારો થયો છે. ભારતના મોટા શહેરોમાં અમદાવાદ ગુનાઓમાં ૬ઠ્ઠા ક્રમે છે. જયારે અમૃતસર, ફરીદાબાદ, ગ્વાલીયર, હૈદરાબાદ, કલકત્તા, પટણા, લખનૌ અને શ્રીનગર સાથે વિશાખાપટનમ કરતાં પણ અમદાવાદમાં બળાત્કારનું પ્રમાણ વધારે છે. આમ એકંદરે ગયા વરસની સરખામણીમાં ૧૫૦ દિવસમાં ૧૦૭ બળાત્કારના કિસ્સાઓ નોંધાયા છે. મહિલાઓ અને બાળકીઓના અપહરણના કિસ્સામાં ગયા વરસની સરખામણીમાં ૨૦૧૩ના પ્રથમ પાંચ માસમાં સુરતમાં ૬, ગાંધીનગરમાં ૩૫, રાજકોટમાં ૧૮, જૂનાગઢમાં ૨૨, બરોડામાં ૨૨ અને સુરતમાં ૧૪ એમ મળીને કુલ ૨૨૭ અપહરણના કેસોમાં વધારો નોંધવામાં આવ્યો છે. એટલે કે ગુજરાતમાં રોજના ૩ મહિલાઓ/બાળકીઓ પર અપહરણની સામે ૨૦૧૩માં રોજના ૫ કિસ્સાઓ નોંધવામાં આવ્યા છે.

આમ ગુજરાતની ૬.૫ કરોડની વસ્તીમાંથી ૫૦ ટકા મહિલાઓ આજની તારીખે અસુરક્ષિત છે. શ્રી બલવંતસિંહ રાજપૂતે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધારવા માટે તાકીદે પગલાં લેવાની માંગણી કરી છે.



પાલનપુર ખાતે આજે મુસ્લિમ બિરાદરોના પવિત્ર તહેવાર રમઝાન ઈદની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઈદ ઉલ ફિત્રની ઉજવણી નિમિત્તે પાલનપુરની ઈદગાહ પર મુસ્લિમ બિરાદરો ધ્વારા ખાસ નમાજ અદા કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેર કાઝીએ કોમી એકતા પર ભાર મુકતા દેશમાં અમન ઓર ચમન બની રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ વિશેષ નમાજ અદા કરવામાં પાલનપુર પંથકમાંથી હજારો મુસ્લિમ બિરાદરો ઉમટી પડયા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# કૃષિ અને પશુપાલન થકી સમૃદ્ધ રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે છે : બાબુભાઈ બોખીરીયા



મહેસાણા, તા. ૧૧ મહેસાણા જિલ્લા સરકીટ હાઉસ ખાતે જળસંપત્તિ, પાણી પુરવઠા, કૃષિ, સહકાર, પશુપાલન મત્સ્ય ઉદ્યોગ મંત્રી બાબુભાઈ બોખીરીયાએ તેમના હસ્તકના વિભાગોની મહેસાણા જિલ્લાના કામગીરીની સમીક્ષા કરવા અધિકારીઓ શ્રીઓ તેમજ પદાધિકારીઓ સાથે અલગ અલગ બેઠક કરી હતી.

આ પ્રસંગે કૃષિ અને સહકાર મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સિંચાઈ બાબતના પ્રશ્નોને અગ્રીમતા અપાશે પરંતુ આ માટે તળાવો ભરવા બાબતે મંડળી બનાવવી પડશે તેમજ ડ્રીપ ઈરીગેશન અપનાવવું પડશે. મંત્રીએ અન્ય કોઈ સબસીડી કે સહાય યોજનાના બાકી પ્રશ્નો બાબતે પણ ચર્ચા કરી હતી. આ ઉપરાંત રાજય સરકારની નવી પાણી પુરવઠા નીતિ અનુસાર શહેરી વિસ્તારમાં ૧૪૦ લીટર અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૦૦ લીટર પાણી આપવાનું છે. આ માટેની નવીન માળખાકીય જરૂરીયાત કઈ પડશે તે અંગેનાં સૂચનો પણ અધિકારીઓ પાસે માંગ્યા હતા. આ ઉપરાંત ગેરકાયદેસર જોડાણો કાપી તેના પર કાયદેસરની કાર્યવાહી કરવા પણ અધિકારીઓને તાકીદ કરી હતી. મંત્રીએ અધિકારીઓને અરજદારો સાથે માનવીય અને સહકારપૂર્ણ વર્તન દાખવવા જણાવ્યું હતું. આ ઉપરાંત મંત્રીએ જિલ્લામાં પાણી સંગ્રહનો મેપ બનાવી મોકલવાનું પણ સૂચન કર્યું હતું.

કૃષિ અને સહકાર મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે રાજયને વધુ સમૃદ્ધ કરવું પડશે. આ ઉપરાંત વૈજ્ઞાનિકોને ખેડૂતોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સમૃદ્ધ બિયારણનું સંશોધન કરવા માટે પણ જણાવ્યું હતુ. મંત્રીએ ગુજરાતને સીડસ્ સ્ટેટ તરફ આગળ લઈ જવા અધિકારીઓને સૂચનો કર્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

# હિંમતનગરમાં તસ્કરો ત્રાટક્યા એક લાખથી વધુની મત્તાની ચોરી

હિંમતનગર, તા.૧૧ સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરની એક સોસાયટીમાં ગત રાત્રીના સુમારે તસ્કર ટોળકી ત્રાટકી હતી. બંધ મકાનને નિશાન બનાવી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ. ૧ લાખથી વધુની મત્તાની ચોરી કરી લઈ ગયાનું રવિવારે હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી મુજબ હિંમતનગરના ગોકુલનગર વિસ્તારમાં જીતુકુમાર આરામલ વઢવાની (સિંધી)નું કર્ણાવતી સોસાયટીના મકાન નં. બી-૧૮ આવેલું છે. જે બંધ હતું. દરમિયાન ગતરાત્રીના તસ્કર ટોળકી ત્રાટકી હતી. અને મકાનના પાછળના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ઘરમાં રહેલી તિજોરી તોડી તેમાંથી સોનાના અને ચાંદીના દાગીના તથા રોકડ રકમ ૨૦ હજાર મળી કુલ રૂ. ૧ લાખ ૩ હજારની મત્તાની ચોરી કરી લઈ જતા હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.